ANUBHAVS



# દરેક સંકટથી અધિક મારા બાપુજી છે !

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com





*- જ્યોતિ કુલકર્ણી, પુના*

પરમ પૂજ્ય બાપુજીના ઘણા અનુભવો થયા છે. એમાંથી હંમેશા યાદ રહે એવો એક અનુભવ અહીં રજુ કરુ છું.

અમારો સમગ્ર પરિવાર પહેલીવાર ઇ.સ. 2002ની ગુરુપૂર્ણિમાના અવસરે બાપુજીના દર્શન કરવા માટે ગયો હતો અને હંમેશા માટે બાપુમય બની ગયો. મારા લગ્ન 2-ફેબ્રુઆરી 1998ના દિવસે થયા હતા. લગ્નના 4-5 વર્ષ થયા હોવા છતાં અમને કોઇ સંતાન નહોતુ. નિર્પુણ ડોક્ટરની સારવાર કરાવ્યા છતાં કોઇ લાભ થતો નહોતો. પરમ પૂજ્ય બાપુજી પાસે આવ્યા બાદ અમે બધુ બાપુની ઇચ્છા પ્રમાણે થશે એવુ વિચારીને નિશ્ચિંત્ત થયા કે ... જે જે મુજ માટે ઉચિત, તે જ તુ આપશે નિશ્ચિંત્ત. થોડા દિવસો પછી 22 જાન્યુઆરી 2003ના દિવસે વડીલોના કહેવા પ્રમાણે હું અને મારા પતિ વ્યંકટ પરમ પુજ્ય સુચિતદાદા પાસે ક્લિનિક પર ગયા. દાદાએ સારવાર શરુ કરી. એ સમયથી દર ગુરુવારે અમે ક્લિનિક પર જવા લાગ્યા. ગુરુવારે ક્લિનિક પર સમયસર વહેલા પહોંચવા માટે અમે દર બુધવારે કલ્યાણમા રહેતા મારા દિયરના ઘરે રહેતા હતા. ગુરુવારે સવારે ક્લિનિક પર જઇને અને એ પછી અમે સાંઇનિવાસ દર્શન કરવા જતા હતા અને સાંજે બાપુજીનું પ્રવચન સાંભળીને અમે સારી રીતે ઘરે પાછા ફરતા હતા.

23 માર્ચ 2003... અમારા જીવનનો સૌથી ખુશીનો દિવસ હતો. એ દિવસે દાદાએ ક્લિનિકમાં કહ્યું કે - આજે સાંજે પ્રવચન સ્થળે પ્રવચન શરુ થતાં પહેલા મળજો, દવા હું તમને ત્યાં જ આપીશ. અમે બંને આખો દિવસ ખુશમાં જ હતા. અમે નક્કી કર્યુ હતુ કે દવા લઇને દાદાને ચરણસ્પર્શ માટે વિનંતી કરીશુ; અને દાદાએ અમારી ઇચ્છા પૂર્ણ કરી. દાદાએ અમને બંનેને ચરણસ્પર્શ આપ્યા.

એક દિવસ દાદાએ ક્લિનિકમા કહ્યું કે - હું બાપુજી સાથે વાત કરીને તમને કહીશ કે અહી આવ્યા વગર તમે પુનાથી જ ફોન પર વાત કરી લો. એ પ્રમાણે અમે 15 ડિસેમ્બર 2003 ના દિવસે દાદાને ફોન કર્યો ત્યારે દાદાએ કહ્યું કે બાપુજીએ તમને દરરોજ 12 વખત ઘોરકષ્ટોધરણ સ્તોત્રનું પઠણ કરવાનું કહ્યું છે. એ દિવસથી અમે નિત્ય પઠણ શરુ કર્યુ. આ પહેલા બાપુજીએ અમારી પાસે વર્ધમાન વ્રતાધિરાજ વ્રત અને સુવર્ણ મહોત્સવમાં ગંધલેપનની પુજા કરાવી હતી.





પરંતુ નિયતીએ (પરિસ્થિતીએ) અમારો પીછો હજી પણ છોડ્યો નહોતો. મને ગર્ભધારણની ખબર જ ના પડી અને હું ખોટી દવાઓ લેતી રહી. જ્યારે એ વાતનો અનુભવ થયો ત્યારે હું સ્ત્રી રોગ વિશેષયજ્ઞ ડો. અનિતા અલટકર (હડપસર) પાસે ગઇ. એમણે કહ્યું કે ગર્ભનો ભ્રમ છે એમ છતા હું 15 દિવસની દવાઓ આપુ છું. એ પછી સોનોગ્રાફી કરાવીને નિર્ણય લઇશુ. જો રિપોર્ટ સારો નહિ આવે તો ગર્ભપાત કરવો પડશે. આવી કઠીણ પરિસ્થિતિમાં પણ બાપુજીએ રક્ષા કરી અને રિપોર્ટ સારો આવ્યો.

ચાર મહિના પછી ડોક્ટરે યાત્રાની પરવાનગી આપી ત્યારે અમે પરમ પુજ્ય સુચિતદાદાને મળવા હેપી હોમ ગયા. પણ ક્લિનિક બંધ હોવાને કારણે અમે બાપુજીની પાદુકા પર રિપોર્ટ સ્પર્શ કરીને બાપુજી અને નંદામાતાને બધી વાત કરી . પછી અમે સાંઇનિવાસ દર્શન કરવા માટે ગયા ત્યારે સદ્યપિપાદાદા (શ્રી આપ્પાસાહેબ દાભોલકર )ને મળીને અમારા આવવાનું કારણ કહ્યું. એમણે અમને વધામણી આપીને સુદીપ પ્રગટાવવાનું કહ્યું અને મને કહ્યું કે - જો કોઇ દિવસ જમશે નહીં તો ચાલશે, પણ પાંચ વાર રામરક્ષા જરુરથી વાંચજે. તેથી રામરક્ષાનું પઠણ હું દરરોજ કરતી હતી.

16 સપ્ટેંબર 2007ના દિવસે મારો ભાઇ બાપુજીના ઘરના ગણપતિના દર્શન કરીને રાત્રે 10.00 વાગ્યે પુના ઘરે આવ્યો. એની સાથે બાપુજીના હાથે મળેલી ઉદી અને બાપાનો પ્રસાદ લાવ્યો હતો. મેં એ ઉદી અને પ્રસાદ ખાધો અને ઉદી માથા પર લગાવીને અમે સુઇ ગયા. રાત્રે 11.30 - 12.00 વાગ્યે મને પેટમા દુઃખાવો શરુ થયો. મે ઘરમાં બધાને વાત કરી અને અમે ડોક્ટર પાસે હડસપર જવા માટે નીકળ્યા. આ સ્થિતિમાં પણ બાપુજીએ મારી પાસે રામરક્ષા સ્તોત્ર, ઘોરકષ્ટોધરણ સ્તોત્ર અને ગુરુચરિત્રના 14મા અધ્યાયનું પઠણ કરાવ્યું.

ડોક્ટર પાસે પહોંચતા જ ડો. અટલકરે ચેકઅપ કરીને મારા પતિને કહ્યું કે અંદર બાળકનો શ્વાસ રુંધાય છે. એના હૃદયના ધબકારા મંદ થાય છે. તરત સિઝેરિયન કરવુ પડશે. મને ઓપરેશન થિયેટરમા લઇ ગયા. મારા પતિ અને સાસુજી નિરંતર બાપુજીના મંત્ર જાપ કરતા હતા અને રામનામની નોટ લખતા હતા.

17 સપ્ટેંબર 2007ના દિવસે બ્રહ્મમુહર્તમા સાડા ત્રણ વાગ્યે મને પુત્રરત્નની પ્રાપ્તિ થઇ. પરંતુ બાળક વ્યવસ્થિત રીતે શ્વાસ લઇ શકતુ નહોતુ તેથી બાળરોગ વિશેષયજ્ઞએ કહ્યું કે બાળકને



તરત જ કે. ઈ.એમ. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવુ પડશે. આ વિષે એમણે  કે. ઈ.એમ. હોસ્પિટલમાં ફોન પર વાત કરીને નીકળી ગયા.

મારા પતિએ સૌથી પહેલા બાળકને ઉદી લગાવી. બાળકને લઈ જવાની તૈયારી કરતા હતા એ સમય સુધી એને લાઇટમાં રાખવામાં આવ્યું.  થોડીવારમાં એની તબિયતમાં સુધારો જોવા મળતા ડો.અટલકરે કહ્યું કે આપણે 15-20 મિનીટ  વધુ રાહ જોઈએ. બાળકના રંગમાં કંઈ ફરક પડે છે ? આનું ધ્યાન રાખવાનું કહ્યું. મારા પતિએ ફરીથી  એને ઉદી લગાવી અને માથા પર હાથ  ફેરવતા દત્તમાલામંત્રનું પઠણ કરતા હતા. ત્યાર બાદ ડોક્ટરે કહ્યું કે બાળકની તબિયતમાં ઘણો સુધારો છે. બીજીવાર ચેકઅપ કરીને બાળકને સવારે 5.00 વાગ્યે મારા સાસુજીને આપ્યું.

બપોરે  ડો.અટલકર ચેકઅપ માટે આવ્યા ત્યારે કહ્યું કે હવે બધુ બરાબર છે એટલે કહેવામાં કોઈ વાંધો નથી; જન્મ સમયે બાળક બિલકુલ હલનચલન કરતુ નહોતુ. આ કેસ હાથમાથી  નીકળી ગયો હતો. સિઝેરિયન કરવા પછી પણ તમારે નિઃસંતાન રહેવાનો વારો આવી શકે એમ હતો  પણ ચમત્કાર જ થઇ ગયો. બીજા ડોક્ટરે કહ્યું કે આ મેજિક બેબી છે.

મારા પતિએ શ્રી પ્રવિણસિંહ વાઘને ફોન કરીને વાત કરી ત્યારે એમણે પાંચ વાર રામરક્ષાનું પઠણ કરવાનું કહ્યું. બાપુજીએ અમારી પાસે રામરક્ષાનું પઠણ પણ કરાવ્યું. બાપુજીની  કૃપાથી  અમને બાળક પ્રાપ્ત થયુ અને જન્મ પહેલા જ બાળકને બાપુજીનું કૃપાછત્ર પ્રાપ્ત થયું. બાપુજીના ચરણોમાં હું આ જ પ્રાર્થના કરુ છું કે અમને આપની ભક્તિસેવામાં રાખો.

બાપુજીના ચરણોમાં કોટિ  કોટિ પ્રણામ !

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com